# હિમતનગરના વિરાવાડા રેલ્વે અંડરબ્રીજમાં પાણીના પ્રશ્ને અઢી કલાક ટ્રેન રોકાઈ

સાબરકાંઠા જીલ્લાના



હિંમતનગર તાલુકાના વાંટડા ગામેથી પસાર થતી રેલ્વે લાઈન નીચે બનાવાયેલા ગરનાળામાં છેલ્લા ચાર દિવસથી ભરાઈ રહેલા વરસાદી પાણીનો નિકાલ ન થતાં વાંટડા, વિરાવાડા અને નવલપુર ગામના લોકો સંપર્ક વિહોણા બની જતા સોમવારે ૪૦ મિનિટ સુધી ટ્રેન વાંટડામાં રોકી દેવાઈ હતી. તેમ છતાં પ્રશ્ન ન ઉકેલાતા મંગળવારે અમદાવાદથી ઉદેપુર જતી ટ્રેનને અઢી કલાક સુધી વિરાવાડા ખાતે રોકી રખાઈ હતી. જે અંગે રાજયના પૂર્વ ગૃહ રાજય મંત્રી અને હિંમતનગરના પૂર્વ ધારાસભ્યને ખબર પડતા તેઓએ વિરાવાડા અને વાંટડા ગામની મુલાકાત લઈને તરત જ રેલ્વે મંત્રી, મુખ્યમંત્રી, રેલ્વેના અધિકારીઓ તથા જિલ્લા કલેકટર અને ડી.ડી.ઓ.ને તાકીદ કરી પાણીના નિકાલની વ્યવસ્થા કરાવી હતી.

આ અંગેની વિગત એવી છે કે હિંમતનગર તાલુકાના વાંટડા, વિરાવાડા અને નવલપુરમાંથી પસાર થતી રેલ્વેના અંડર બ્રીજમાં વરસાદી પાણી ભરાઈ રહેતા ચોમાસામાં આ ગામના લોકો અન્ય વિસ્તારોથી સંપર્ક વિહોણા બની જાય છે. જેથી રોષે ભરાયેલા વાંટડાના ગ્રામજનોએ સોમવારે બે વખત ૪૦ મિનિટ સુધી ટ્રેનને રોકી તેનો નિકાલ કરવાની માંગ કરી હતી. પરંતુ તેનો નિવેડો આવ્યો ન હતો.

દરમિયાન મંગળવારે વિરાવાડાના ગ્રામજનોએ પણ વાંટડાની જેમ અમદાવાદથી ઉદેપુર જતી ટ્રેનને ૧૦-૫૫ વાગ્યે રોકી દીધી હતી. જેના કારણે મુસાફરો મુશ્કેલીમાં મુકાયા હતા. જે અંગે પૂર્વ ગૃહ રાજય મંત્રી પ્રફુલ પટેલને વિરાવાડા ગામના રજનીભાઈ પટેલે જાણ કરતા તેઓ તરત જ વાંટડા અને વિરાવાડા ગામની



મુલાકાત લઈને ગ્રામજનોને સાંભળ્યા હતા.

ત્યારબાદ પૂર્વ ગૃહ રાજય મંત્રીએ તરત જ જિલ્લા કલેકટર અને જિલ્લા વિકાસ અધિકારી તથા રેલ્વેના અધિકારીઓને જાણ કરી સીધો જ રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને પરિસ્થિતિથી વાકેફ કર્યા હતા. જેથી મુખ્યમંત્રીએ તરત જ અમદાવાદથી પાણીના નિકાલ માટેના પંપ મોકલવા માટે જણાવ્યુ હતું. ઉપરાંત પૂર્વ ગૃહ રાજય મંત્રી પ્રફુલ પટેલે ગ્રામજનોની વર્ષો જૂની મુશ્કેલી અંગે કેન્દ્રના રેલ્વે મંત્રી સુરેશ પ્રભુને પણ જાણ કરી હતી. જેથી તેમણે રેલ્વેના ઉચ્ચ અધિકારીઓને તાકીદ કરી પ્રશ્નનું નિરાકરણ લાવવા માટે હૈયાધારણ આપી હતી.

બીજી તરફ પૂર્વ ગૃહ રાજય મંત્રીએ બંને ગામના ગ્રામજનો સાથે ચર્ચા કર્યા બાદ ટ્રેનને જવા દેવા માટે કહેતા ૧-૩૦ કલાકે ટ્રેન ઉદેપુર જવા રવાના થઈ હતી. દરમિયાન હિંમતનગરના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડાએ પણ મંગળવારે બપોર બાદ વાંટડા ગામની મુલાકાત લઈને અંડર બ્રીજમાં ભરાઈ રહેતા પાણીના નિકાલ માટે જિલ્લા કલેકટર અને ડીઝાસ્ટર વિભાગને જાણ કરી વ્યવસ્થા ગોઠવી હોવાનું જણાવ્યુ હતું.

## રાયગઢ સુધી ટ્રેનમાં પોલીસને મોકલાઈ

વાંટડા અને વિરાવાડા ગામના લોકોએ પાણીના નિકાલના પ્રશ્ને બે દિવસ સુધી ટ્રેનને રોકી રાખતા મંગળવારે પૂર્વ ગૃહ રાજય મંત્રીએ તે પ્રશ્નનો નિવેડો લાવવા માટે કરેલા પ્રયાસ બાદ ગ્રામજનોને કરેલી વિનંતી પછી ટ્રેન ઉદેપુર જવા રવાના થઈ ત્યારે વચ્ચે ટ્રેનને કોઈ રોકે નહિ તે માટે ડી.વાય.એસ.પી. એ.ડી.શ્રીવાસ્તવ તથા પી.એસ.આઈ. જી.વી.ગોહિલ તથા સ્ટાફને રાયગઢ સુધી મોકલાયો હતો.

## કરોડોનો ખર્ચ પાણીમાં

રેલ્વે તંત્ર દ્વારા બ્રોડગેજ રેલ્વે ટ્રેક નાખવા માટે જે માળખાકીય સુવિધાઓના ભાગરૂપે વિવિધ સ્થળે લોકોની અવરજવર માટે જે અંડર બ્રીજ બનાવ્યા છે તેમાં દર વર્ષે પાણી ભરાઈ જાય છે ત્યારે રેલ્વેના મસ મોટો પગાર લેતા એન્જિનીયરોએ કરોડો રૂપિયા ખર્ચીને જે ડીઝાઈન મંજુર કરી હશે તે અંગે પણ સ્થાનિક પ્રજામાં તેમના જ્ઞાન અને આવડત અંગે અનેક સવાલ ઉભા થયા છે.

## ડીઝાસ્ટર તંત્ર ખાડે ગયું

હિમતનગર થી શામળાજી સુધીમાં રેલ્વે વિભાગ ધ્વારા અન્ડરબ્રીજ બનાવ્યા છે ત્યારે આ ગરનાળામાં છેલ્લા ત્રણ દિવસ થી વરસતા વરસાદને લઈને ભરાયેલા પાણીના નિકાલ માટે વિરવાડા,વાટડા અને નવલપુર ગામના ગ્રામજનોએ વારંવાર ડીઝાસ્ટર વિભાગને જાણ કરી હતી પરંતુ કોઈ મદદ મળી ન હોવાની વાત ગ્રામજનોએ કરી હતી.



ઉપરવાસમાં ભારે વરસાદ અને રેલવે ટ્રેક પર પાણી ફરીવળતા રેલવે રૂટમાં એક દિવસ પૂરતો ફેરફાર કરવામાં આવ્યો હતો. જેમાં દિલ્હીથી બોમ્બે જતી તમામ ટ્રેન પાલનપુર વાયા ભીલડી ધાનેરા જાલોર જોધપુર રૂટ પર ચાલુ કરવામાં આવી હતી.

# ધાનેરા-ડીસા હાઈવે પર બે ટ્રક સામ સામે અથડાતા બંને ટ્રકમાં આગ : બંને ચાલકો બળીને ભડથું

## પાંચ કલાક બાદ આગ કાબુમાં આવી તો છ કલાક બાદ ટ્રાફિક કાબુમાં આવ્યું

પાલનપુર, તા.૯

બનાસકાંઠા જિલ્લા ના ડીસા ધાનેરા હાઈવે ઉપર બે ટ્રક સામ સામે અથડાતા બંને ટ્રકો માં આગ ભભૂકી



ઉઠી હતી ત્યારે બંને ટ્રક ના ચાલકો બાળીને ભડથું થઈ ગયા હતા લોકો ધ્વારા ફાયર ફાયટર ને જાણ કરતા પાંચ કલાક ની મહામહેનત બાદ આગ પાર કાબુ મેળવ્યો હતો તો બીજી તરફ ભારે ટ્રાફિક જામ થઈ જતા કલાકો સુધી વાહન ચાલકો ને ભારે મુશ્કેલી નો સામનો કરવો પડ્યો હતો.

બનાસકાંઠા જિલ્લા ના ડીસા ધાનેરા હાઈવે પાર આવેલા ગલાલપુરા પાટિયા પાસે મોડી રાત્રે બે ટ્રક સામ સામે અથડાતા ભારે અકસ્માર સર્જાયો હતો અને બંને ટ્ર્કો માં આગ ભભૂકી ઉઠી હતી ત્યારે બંને તર્ક ના ચાલકો આગમાં બાળીને ભડથું થઈ ગયા હતા તો બીજી તરફ લોકો ધ્વારા પોલીસ અને ફાયર ફાયટર ને જાણ કરતા ડીસા ફાયર ફાયટર તેમજ પોલીસ ની ટિમ તાત્કાલિક ઘટના સ્થળ આવી કાર્યવાહી હાથ ધરી હતી ફાયર ફાયટર ધ્વરા સતત પાંચ કલાક સુધી પાણી નો મારો ચલાવી આગ ઉપર કાબુ મેળવ્યો હતો તો બીજી તરફ જાહેર રસ્તા પર અકસ્માત સર્જાતા ભારે ટ્રાફિક જામ થઈ જવા પામ્યું હતું પોલીસ ધ્વરા છ કલાક બાદ ટ્રેફિક દૂર કરતા વાહન વ્યવહાર ચાલુ કરવામાં આવ્યો હતો.

# અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં સાર્વત્રિક મેઘમહેર

## ખેડૂતોના હૈયે હાશકારો : ૪૮ કલાકમાં ૧ ઈંચથી ૪ ઈંચ વરસાદ નોંધાયો : કૃષિકાર્યો માટે અનુકૂળ વરસાદ

અરવલ્લી, તા. ૯

અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં શનિવારે સાંજથી વરસાદી ઋતુએ પુનઃ જોર જમાવતા વીતેલા બે દિવસમાં અરવલ્લી-



સાબરકાંઠાના તમામ તાલુકાઓમાં વધતી-ઓછી વૃષ્ટિ થતા સાર્વત્રિક મેઘમહેરને લઈને ખરીફ પાકની ચિંતા સેવતા ખેડૂતોના હૈયે હાશકારો વ્યાપ્યો છે. જિલ્લાના જુદા જુદા વિસ્તારમાં વરસાદી ઝરમર અને હળવાથી લઈને ભારે ઝાપટા યથાવત રહેતા વાતાવરણમાં ઠંડક અનુભવાઈ રહી છે. હવામાન વિભાગના સૂત્રોના જણાવ્યા મુજબ વરસાદમાં વિલંબ છતાં કૃષિકાર્યો માટે અનુકૂળ વરસાદ વરસી રહ્યો છે.

મધ્યપ્રદેશ-રાજસ્થાન ઉપર સક્રિય થયેલી અપર એર સરક્યુલેશન સિસ્ટમને લઈને ઉત્તર ગુજરાત સહિત અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં વરસાદી માહોલના મંડાણ થયા છે. વીતેલા સપ્તાહમાં ઉઘાડની સ્થિતિ બાદ છેલ્લા ત્રણેક દિવસથી પુનઃ વાદળોની ઘેરાબંધી વચ્ચે વરસાદનું આગમન થતા ખેતર-સીમ, તળાવો, નાળા વૃષ્ટિભીના થયા છે. રવિવારે દિવસભર ક્યાંક આછી પાતળી ઝરમરરૂપે તો ક્યાંક ઝાપટારૂપે વરસાદ થતા જિલ્લાના શહેરી વિસ્તારોના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જતા અને વરસાદી પાણીથી માર્ગો જર્જરીત બનતા રાહદારીઓ વાહનચાલકોને અવરજવર માટે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. તેમજ હવામાન વિભાગના સૂત્રોના જણાવ્યા મુજબ આગામી બે દિવસ સુધી વિવિધ વિસ્તારોમાં મધ્યમ વરસાદ થવાની શક્યતા વર્ણવતા જિલ્લાના ભુમિપુત્રોમાં આનંદ છવાયો હતો. મોન્સુન સીસ્ટમના લીધે આગામી બે દિવસમાં ઉત્તર ગુજરાતમાં ભારે વરસાદ થવાની સંભાવનાથી બન્ને જીલ્લાનું વહીવટીતંત્ર અને ડિઝાસ્ટર વિભાગ એલર્ટ બની ગયું છે.

અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં મોઘાદાટ બિયારણ અને જંતુનાશક દવાઓનો ભારે ખર્ચો કરી વાવણી કરેલા મગફળી, કપાસ, મકાઈ, સોયાબીન, અડદ, તુવેર, મગ જેવા ખરીફ પાકો ભૂમિપુત્રોના ખેતરોમાં લહેરાતા અને હરિયાળા બનતા ખેડૂતોમાં હરખની હેલી પેદા થઈ છે. તેમજ મહામુલા પાકને જીવતદાન મળતા આનંદ છવાયો હતો.

## ઈડર અને હિંમતનગરમાંથી બે બાઈક ચોરાયાની ફરિયાદ

ઈડર, તા. ૯

સાબરકાંઠા જીલ્લાના ઈડરના રેલ્વે સ્ટેશન તથા હિંમતનગરની પૃથ્વીનગર સોસાયટીમાંથી થોડા સમય અગાઉ બે બાઈક ચોરાયાની ફરિયાદ ગુરૂવારે સ્થાનિક પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી. હિંમતનગરના મોતીપુરા વિસ્તારમાં આવેલ પૃથ્વીનગર સોસાયટીમાં રહેતા સંતોષકુમાર ગોવિંદપ્રસાદ શુકલાએ ૩૦ જુલાઈના રોજ પોતાના ઘર આગળ બાઈક નં. જીજે. ૦૧. જેએચ. ૧૨૯ પાર્ક કર્યુ હતું. જેની અજાણ્યા શખ્સો ચોરી કરી લઈ જતા સંતોષકુમાર શુકલાએ ગુરૂવારે એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ઈડરના રેલ્વે સ્ટેશન વિસ્તારમાં હનુમાનજી મંદિર પાસે પાર્ક કરેલ બાઈક નં.જીજે. ૦૯. એકે. ૬૨૧૧ની ૨૦ જુલાઈના રોજ અજાણ્યો શખ્સ ચોરી કરીને લઈ ગયો હતો. ઈડરના રમલેશ્વર તળાવ વિસ્તારમાં રહેતા દશરથભાઈ બંસીલાલ ઠાકોરે તપાસ કરવા છતાં કોઈ પત્તો ન મળતા ઈડર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.


## બાઈક ચોરીના ગુનામાં સંડોવાયેલો શખ્સ પકડાયો

ગાંધીનગર જિલ્લાના માણસા પોલીસ સ્ટેશનમાં બાઈક ચોરીના ગુનામાં નાસતા ફરતા એક શખ્સને મંગળવારે એલસીબીએ હિંમતનગરમાંથી ઝડપી લીધો હતો.

એલસીબીના પી.આઈ. એસ.ડીપટેલ તથા પી.એસ.આઈ. ડી.ડી.પરમારના જણાવાયા મુજબ માણસા પોલીસ સ્ટેશનમાંફસ્ટ ગુના રજી નં.૧૬૫/૧૫ અંતર્ગત બાઈક ચોરીના ગુનામાં ઈડર તાલુકાના ધોળીયા ગામના કાસુભાઈ ઉર્ફે જયંતિભાઈ દિતાભાઈ નિનામા છેલ્લા કેટલાક સમયથી નાસતા ફરતા હતા. જે અંગે બાતમીને આધારે એલસીબીએ વોચ ગોઠવી મંગળવારે હિંમતનગરના ન્યાય મંદિર સર્કલ પાસેથી ઝડપી લઈ માણસા પોલીસ સ્ટેશનમાં મોકલવાની તજવીજ હાથ ધરી હતી.

## ખેડબ્રહ્માના ચાડા ગામે ઝઘડો થતા ચાર ઈસમો વિરૂદ્ધ ફરિયાદ

સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકાના ચાડા ગામે સોમવારે ચાડા ગામના રબારી વિહાભાઈ કલ્યાણભાઈ અને આગીયા ગામના ચાર માણસો સાથે બોલાચાલી થતા ચાડા ગામના જીતેન્દ્રભાઈ પુનાભાઈ પારઘી વચ્ચે પડી છોડાવવા જતા આગીયાના ચાર ઈસમોએ જીતેન્દ્રભાઈને મા-બેન સમી બિભત્સ ગાળો બોલી હતી. જેથી જીતેન્દ્રભાઈએ ગાળો બોલવાની ના પાડતા ચારે જણા સાલા આદિવાસી, ફોકલા તારે શું લેવા-દેવા છે તેમ કહી લક્ષ્મણસિંહ દરબાર, દરજણસિંહ દરબાર પોતાના પાસેની લાકડીઓથી અને યોગેશકુમાર દરબાર, સંજયકુમાર દરબારે ગડદાપાટુનો માર મારી જાતિ પ્રત્યે અપમાનિત કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.



## અરવલ્લીનું સૌંદર્ય સોળે કલાએ ખીલી ઉઠ્યું

સમગ્ર ગુજરાત તેમજ અરવલ્લી જિલ્લામાં સાર્વત્રીક વરસાદને કારણે ગીરીમાળાઓમાં કુદરતી સૌંદર્ય સોળે કળાએ ખીલી ઉઠ્યું છે. ત્યારે ભીલોડા-મેઘરજ, માલપુરના ડુંગરાઓ પર જાણે કુદરત મહેરબાન થઈ હોય તેવું કાશ્મીરના ડુંગરાઓ જેવું સૌંદર્ય જોવા મળી રહ્યું છે. માઝુમ તેમજ વાત્રક ડેમમાં ઉપરવાસમાં વરસાદ પડતાં ડેમમાં પાણીની આવક થતા જિલ્લાના પ્રજાજનો નાના ભુલકાઓને લઈ વાત્રક તેમજ માઝુમ ડેમ જોવા માટે ભીડ ઉમટી પડી હતી.

# અણિયોરથી મોડાસા બસ સેવા શરૂ કરવા આવેદનપત્ર, નહીં તો બસ રોકો આંદોલન

## ડેપો મેનેજરે બસ આવતીકાલથી શરૂ કરવાની બાંહેધરી આપી

મોડાસા, તા. ૯

ઉત્તર ગુજરાતમાં અરવલ્લી જિલ્લાનુ વડુમથક મોડાસા શહેર શૈક્ષણિક નગરી તરીકે ખુબ જ જાણીતુ છે. મડાસા શહેરમાં સમગ્ર જિલ્લાના વિદ્યાર્થીઓ વિવિધ અભ્યાસ અર્થે મોટી સંખ્યામાં ગામડાઓ અને તાલુકા મથકેથી અપડાઉન કરતા હોય છે. માલપુર તાલુકાના અણિયોર ગામ અને આજુબાજુના ૧૫ થી વધુ ગામડાઓના વિદ્યાર્થીઓ અભ્યાસ અર્થે મોડાસા શહેરમાં દરરોજ શૈક્ષણિક સંસ્થાઓ અને કોલેજોમાં મોટી સંખ્યામાં આવતા હોવાથી વિદ્યાર્થીઓને અવર-જવરમાં પડતી મુશ્કેલી પડતી હોવાથી મોડાસા ડેપો મેજરને અરવલ્લી જિલ્લા એનએસયુઆઈ દ્વારા મોડાસાથી અણિયોર બસ સત્વરે ચાલુ કરવા આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

માલપુર તાલુકાના અણિયોર ગામ અને આજુબાજુના ૧૫ થી વધુ ગામના વિદ્યાર્થીઓ અપુરતી બસની સુવિધાથી ત્રસ્ત બનતા અને અન્ય આગળના રૂટથી આવતી બસમાં મુસાફરો ભરતા બસ ખીચોખીચ



ભરાઈને અણીયોર ગામે આવતા અભ્યાસ અર્થે જતા વિદ્યાર્થીઓ સમયસર શૈક્ષણિક સંકુલોમાં પહોંચી ન શકતા અસંખ્ય વિદ્યાર્થીઓના અભ્યાસ પર માઠી અસર પહોંચતા વિદ્યાર્થીઓએ ન છૂટકે પ્રાઈવેટ સાધનોમાં અવર-જવર કરવી પડે છે. તેમજ બસમાં જીવના જોખમે બસમાં દરવાજા સુધી ખીચોખીચ બસ ભરાતા વિદ્યાર્થીઓમાં આક્રોશ ફેલાયો હતો. અને વિદ્યાર્થીઓની વારંવાર રજુઆત છતાં એસ.ટી. તંત્રએ ધ્યાને ન લેતા વિદ્યાર્થીઓ અને એનએસયુઆઈના જિલ્લા અધ્યક્ષ નિતિરાજસીંહ પુવાર અને તાલુકા પ્રમુખ મહિપાલસીંહ ચંપાવત તેમજ મોટી સંખ્યામાં એનએસયુઆઈના સદસ્યો દ્વારા મોડાસા ડેપો મેનેજર વાઘેલાને મોડાસાથી અણિયોર બસ સેવા સવારે ૧૦ વાગ્યાના સમયે શરૂ કરવા આવેદનપત્ર આપવામાં આવતા અને બસ શરૂ ન થાય તો ગાંધી ચીંધ્યા માર્ગે આંદોલન કરવાનું જણાવતા ડેપો મેનેજર વાઘેલાએ મંગળવારથી અણિયોરથી મોડાસા સુધી બસ શરૂ કરવા હૈયાધારણ અપાતા વિદ્યાર્થીઓમાં આનંદ છવાયો હતો અને એનએસયુઆઈનો આભાર વ્યક્ત કર્યો હતો.

## વડાલીમાં બે કલાકમાં સવા ઈંચ વરસાદ

સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા ચાર દિવસથી વરસાદી માહોલ ઉભો થયો છે ત્યારે મંગળવારે બપોર બાદ વડાલી પંથકમાં બે કલાકમાં અંદાજે ૩૫ મીમીથી વધુ વરસાદ પડતા ઠેર ઠેર પાણી ભરાઈ જવા પામ્યા હતા. તેજ પ્રમાણે ઈડરમાં પણ દિવસ દરમિયાન ૩૬ મીમી વરસાદ પડયો હતો.

ડીઝાસ્ટર વિભાગના સૂત્રોમાંથી જણાવાયા મુજબ સોમવારે રાત્રે અને મંગળવારે દિવસ દરમિયાન વિજયનગર પંથકમાં ૫૭ મીમી, જયારે ઈડરમાં ૩૬ મીમી અને વડાલીમાં સાંજે ૪થી ૬વાગ્યા દરમિયાન ૩૫મીમીથી વધુ વરસાદ પડતા ઠેર ઠેર પાણી વહેવા માંડયા હતા. તો બીજી તરફ પ્રાંતિજ, તલોદ, પોશીનામાં પણ દિવસ દરમિયાન વરસાદ ચાલુ રહેવા પામ્યો હતો.

હિંમતનગરમાં સોમવારે રાત્રે ૨૭ મીમી, જયારે મંગળવારે દિવસે ૫૩ મીમી વરસાદ પડયો હોવાનું ડીઝાસ્ટર વિભાગમાંથી જણાવાયુ છે. જિલ્લામાં વરસાદી હેલી જેવું વાતાવરણ રહેતા ઠંડક પ્રસરી ગઈ છે. તો બીજી તરફ લાંબડીયાથી પસાર થતી સાબરમતી નદીના ઉપરવાસમાં પડેલા ભારે વરસાદને કારણે પુર આવ્યુ હતું. જોકે પોશીનાની સેઈ નદી બે કાંઠે વહી હતી. જયારે પનારી નદીના કેચમેન્ટ એરીયામાં વરસાદ ન થતાં તે સૂકીભઠ્ઠ જોવા મળી હતી.